॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
ક્ષુલ્લક વિષય- રસનો ભોગી જીવ પ્રભુપ્રેમનાં નિત્ય-રસનો આસ્વાદ માણી શકતો નથી.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR GENERAL OF INDIA (PRGI)
Registration Number GJGUJ/25/A2764

Annual Subscription Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 15, Dt. 11/02/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat




આપડે માનીએ છીએ કે શહેરમાં કોઈને પણ પોતાના જોગનું કામ મળી રહે એ જમાનો હવે નથી. હા, શહેરોમાં કામ તો અઢળક છે પણ એ આવડે એનું કામ છે. જરાક જ જેનામાં જલસાખોરીનું લખખણ આવે કે શહેર એને ફંગોળીને દૂર એના વતન વગડામાં ફેંકે છે. પછી ઊભા થવાની પણ ફર્ચ નો રહે ઈ વાત જુદી છે. હશે એમાં કદાચ સહુ કહે છે એમ ભાગ્યનોય કંઈક દોષ હશે પરંતુ કર્મથી તો ઊંચું આ સંસારમાં કંઈ નથી. છેલ્લા દસ વરસમાં સૌરાષ્ટ્રની પ્રજાએ શહેરોમાંથી પાછા ફરેલા પરિબળો જોયા છે. બધા જ લોકો પોતાની આત્મકથાના પાનાઓ રાજકમલ ચોકમાં ગામને વાંચવા ખુલ્લા મૂકતા નથી. બધાને એક જ ધોંહરે હાંકવાની જરૂર હોતી નથી. દરેકના કારણો અલગ હોય છે. સામાન્ય રીતે અસલ કારણો તો એક રહસ્ય જ હોય છે પરંતુ લોકો એને જુદી રીતે જુએ છે.આપણા કુંડલામાં વહેતી ને ન વહેતી નાવલીના બેય કાંઠે આવા થોડાક પરિવારો નજરે ચડે છે.

પહેલી વાત તો એ છે કે છાને પગલે હવે શહેરો ખાલી થવા લાગ્યા છે. શહેરના ખર્ચને પહોંચી વળાય એમ નથી. શહેરમાં પહેલેથી જ જેઓ સાદગીથી રહે છે અને માત્ર ઘરના જ રોટલા ખાવા ટેવાયેલા છે તેઓ ટકી ગયા છે. આજના શહેરો સાવ

## એ વર્ગ નાનો છે જે ઘરમાં સંતાનો પોતાના માતાપિતાને સાથે પૂજા કરતા, સાથે ભોજન લેતા અને સંપીને હિસાબ લખતા જુએ છે. આટલાક અમથા સંસ્કાર પણ બાળકોને આપવાના જો બાકી રહી જાય તો એને જિંદગીમાં આર્થિક તડકો લાગવાનો નક્કી છે.....!

બદલાઈ ગયા છે. કાં તો તમે ચિક્કાર ધનસંપત્તિમાં આળોટતા હો તો શહેરમાં રહી શકો. અથવા સાવ સામાન્ય સ્થિતિમાં રહેતા આવડતું હોય તો શહેરમાં પોસાય. કોઈ સરકારને દોષિત માને તો માને પણ હકીકતમાં બજારની તેજી અને મંદી માટે પ્રજા પોતે જ જવાબદાર હોય છે. જે મોંટે ઉપાડે પહેલા શહેરો તરફ બધા ધસી જતાં હતા એવું હવે નથી. આપણી પ્રજાએ શહેરોમાં જ એટલું બધું ધ્યાન આપ્યું કે ગામડાંઓ ભૂતાવળ જેવા ખાલીખમ થઈ ગયા.

આનું એક કારણ એ છે કે આપણે વિચાર્યા વિનાના ખર્ચ કરવાની કુટેવનો ભોગ બન્યા છીએ. ગામના ચોકમાં મોચી બુટ સિવી આપતા હતા જે બાટા કંપની કરતાય વધુ સારા હતા. આજેય એ બુટ કોઈ કોઈ ગામમાં મળે છે. એની કિંમત બ્રાન્ડેડ કંપનીના બુટથી ત્રીજા ભાગની હોય છે અને ક્યારેક તો એનાથીય ઓછી હોય છે. એ પડતા મૂકીને બ્રાન્ડેડના રવાડે ચડ્યા. કપડામાં પણ એવું થયું. આપણે જે શર્ટ પહેરીએ છીએ એમાં પચીસ રૂપિયાનું સૂતર વપરાય છે. એને કલર કરવામાં વીસ રૂપિયાનો ખર્ચ થાય. વળી એને નાના ગામમાં સિવડાવો તો કદાચ સો રૂપિયા સિલાઈના થાય. એની સામે પાંચસો અને હજાર રૂપિયાના શર્ટની બોલબાલા છે. ગાંધીજીએ ગામડાંઓને સ્વનિર્ભર કરવા માટે રેંટિયો આપ્યો જેને આઝાદી પછી ભારતીય પ્રજાએ ફેંકી દીધો. ગાંધીજી જાણતા હતા કે મધ્યમ વર્ગ માટે સૌથી મોટા વાર્ષિક ખર્ચમાં કાપડ-કપડાંનો ખર્ચ મુખ્ય છે. આજે પણ અલગથી દરેક પરિવારના કપડાં પાછળના કુલ ખર્ચનો સરવાળો કરવામાં આવે તો ખ્યાલ આવે કે આંકડાઓ ક્યાં પહોંચે છે. પરંતુ કાપડમાં ભારતને ગાંધીજીનું સ્વાવલંબન માફક ન આવ્યું. આજે વિદેશી રેડીમેઈડ ગારમેન્ટ ઉત્પાદકો ભારતમાંથી ધૂમ કમાણી કરે છે. ગાંધીજીનું અર્થશાસ્ત્ર આપણે અભરાઈ પર મૂકી દીધું. ન્હાવા માટે પંડ્યે સાબુને બદલે પથ્થર ઘસવાની સલાહ આપનારા એ પોરબંદરના વાણિયાને સમજતા દુનિયાને પચાસ વરસ લાગ્યા હતા પણ ભારતને તો હજુ બીજા બસ્સો વરસ લાગશે.

આજે ચોતરફ મોંઘી ખરીદી દેખાય છે અને વળી પોતાની એ મૂર્ખતા પર લોકો ગૌરવ લેતા લેતા ઉલ્લળી-ઉલ્લળીને વાતો કરતા જોવા મળે છે. સસ્તાની વાતો હાસ્યાસ્પદ લાગે અને પાંચ જણા વચ્ચે એવી સસ્તાની વાતો કરો તો તમે મૂર્ખ ઠરો. ઘણું કમાયા પછી પણ જેમની જિંદગીમાં આર્થિક પતન આવે છે એના કારણો સાવ સામાન્ય હોય છે, એમાં ભૂલ એટલી જ હોય છે કે એને સામાન્ય માની લેવામાં આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક કહેવત છે કે કુસંગીના ફંદમાં સત્સંગીના રોટલા. આનો અર્થ એ થાય છે કે કુસંગી માણસ વ્યસનમાં જેટલો ખર્ચ કરે છે એટલામાં તો સત્સંગીઓના બે ઘર નભી શકે છે. વિચાર કર્યા વિનાનો દરેક ખર્ચ સરવાળે આપત્તિ નોંતરે છે. જેઓએ શહેરોમાં દસ-વીસ વરસ પરિવાર સાથે પસાર કર્યા પછી વતનમાં ઠેબા ખાવા પાછા ફરવું પડે છે એનું એક કારણ વ્યસન પણ હોય છે અને વ્યસનના તો હજાર પ્રકાર છે.

ગામડાંઓમાં કોઈ ધંધો રોજગાર નથી એમ કહેવામાં આવે છે પરંતુ હકીકતમાં એવું નથી. જેનામાં આવડત છે એ તો ગામડે બેઠાં પણ લાખો રૂપિયા કમાઈ શકે છે. ગામડે બેસી ખાલી ધાણાદાળ વેચીને લોકો કરોડોપતિ થયા હોવાના દ્રષ્ટાન્તો આપણી પાસે છે. ગામડે બેઠેલા લોકોના કરોડોનો માલ ભરેલા કન્ટેનરો દરિયામાં દેશાવરની ખેપ કરતા આપડે જોયા છે. સરકારી યોજનાઓનો લાભ લઈને વિવિધ પ્રોજેક્ટ પુરા કરીનેય અનેક એનજીઓ આજે દેશભરમાં ગામડે બેસીને જ કરોડોનું ટર્નઓવર કરે છે. વલસાડ અને નવસારી કોરના કેટલાક ખેડૂતો કૃષિપેદાશોની નિકાસ કરીને મહિને લાખો રૂપિયા કમાઈ લે છે. એમ ન કહેવાય કે ગામડે રહીને શું કરવું ? મહારાષ્ટ્રના થાણા જિલ્લાના ગામડાંનો માત્ર વીસ વરસનો એક છોકરો સેકન્ડ હેન્ડ હેલિકોપ્ટરનું વેબ પોર્ટલ ચલાવે છે. જેને જુના હેલિકોપ્ટર વેચવા છે અને જેને લેવા છે એની માર્કેટ આજે એના હાથમાં છે. ગયા વરસે એણે સત્તર કરોડનો નફો કર્યો. આ વરસે એનો ટાર્ગેટ પચીસ કરોડની દલાલી કમાવાનો છે.

સવારમાં ઉઠીને પથારીમાં જ મોબાઈલ હાથમાં લઈ ટિકટિક ચાલુ કરી દેનારા ને પછી ચાની માથે માવો ચડાવી છાપાના પાના ફેરવનારાઓને એ તો ખબર જ નથી હોતી કે જિંદગી કેવા પુરપાટ વેગે ધસમસતી આગળ વધે છે. જિંદગીના બહુ જ મૂલ્યવાન વરસો વેડફી નાંખતા લોકોને ગોતવા જવું પડે એમ નથી. જ્યાં નજર નાંખો ત્યાં એના જોઈએ એટલા નમૂનાઓ મળી રહેશે, જે બતાવે છે કે સમાજનો એક વર્ગ ખરેખર આડે પાટે ચડેલો છે. એની સામે ભલે નાનો પણ એક સમુદાય એવો છે જે સવારે પરિવાર સાથે જ દિનચર્યાની શરૂઆત કરે છે. પતિ-પત્ની બન્ને પૂજામાં સાથે જ બેઠા હોય. પછી સવારનો નાસ્તો સાથે કરે. રોટલી અને ઘી-ગોળ કે બાજરાનો રોટલો અને દહીં. આ વખતે જાફરાબાદ, રાજુલા અને ભેરાઈ પંથકમાં વરસાદ સારો થયો છે એટલે બાબરિયાવાડનો બાજરો જમાવટ કરશે. એની તો મીઠાશ જ કંઈ ઔર હોય છે. એ વર્ગ નાનો છે જે ઘરમાં સંતાનો પોતાના માતાપિતાને સાથે પૂજા કરતા, સાથે ભોજન લેતા અને સંપીને હિસાબ લખતા જુએ છે. આટલાક અમથા સંસ્કાર પણ બાળકોને આપવાના જો બાકી રહી જાય તો એને જિંદગીમાં આર્થિક તડકો લાગવાનો નક્કી છે.

જેઓ શહેરના પૂરા અનુભવ પછી વતનમાં પાછા આવ્યા હોય એમણે વતનના પડતર કામો હાથમાં લેવા જોઈએ. પોતે જે ક્ષેત્રનો અનુભવ ધરાવતા હોય એ અંગે વતનીઓને માર્ગદર્શન આપવું જોઈએ. અને નવેસરથી જિંદગીનો એકડો ઘૂંટવો જોઈએ. કોઈ ઊંચામાં ચાલે ને ફરી પાછા ખોવાઈ જાય અને ફરી જીવન ચક બદલતા ફરી ઊંચામાં મહાલવા લાગે એવા દ્રષ્ટાન્તો સહુની નજરમાં હોય છે.

વિખ્યાત કહેવત છે કે જે પોતાનાથી ન હારે એ ફરી ભવિષ્યમાં જીતી બતાવે છે. ક્રિકેટના વર્લ્ડ કપમાં પરાજય પણ ભારત માટે કામનો છે અને એમાંથી જો શીખવું જ હોય તો ઘણું શીખવા જેવું છે. પારોઠના પગલા તો સમ્રાટ સિકંદરે પણ ભરવા પડે. ક્યારેક નાનકડી નિષ્ફળતા એક આખા શ્રીમદ્ ભાગવત જેટલો બોધ પળવારમાં આપી જાય.

Accurate
Top In Town

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટનું બુકીંગ શરૂ છે...

અમરેલી નેશનલ હાઈવે ટચ..
એકયુરેટ પેટ્રોલપંપની બાજુમાં, સા.કું.

સંપર્ક : રાજુભાઈ દોશી મો. 98795 80690 | ભુપતભાઈ યાદવ મો. 83471 62190

# શિક્ષણથી સશક્તિકરણ તરફ : "નમો લક્ષ્મી સ્કોલરપશીપ" યોજનાથી અમરેલીની દીકરીઓને અભ્યાસમાં મળી નવી દિશા

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી તા. ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ (શુક્રવાર) - રાજ્ય સરકાર શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલમાં મુકાયેલી "નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજના ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે એક મહત્વપૂર્ણ સહાયક યોજના તરીકે ઉભરી આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થિનીઓને માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક સ્તરે શિક્ષણ સતત ચાલુ રાખવા માટે આર્થિક આધાર પૂરું પાડવાનો છે, જેથી શિક્ષણ છોડવાની પ્રવૃત્તિ પર અસરકારક નિયંત્રણ આવી શકે. આર્થિક સ્થિતિ જેવા સંજોગોના કારણે અભ્યાસ પડતો મૂકીને વિદ્યાર્થિનીઓ પોતાના સ્વપ્ન સાકાર ન કરી શકે તેવી સ્થિતિમાં આ યોજના ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.બી.ગોહિલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫૨૬ દરમ્યાન અમરેલી જિલ્લામાં આ યોજનાનો વ્યાપક અમલ કરવામાં આવ્યો છે. જિલ્લાની કુલ ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને "નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજનાના લાભરૂપે રૂ. ૧૨,૨૮,30,000ની સહાયતા ચૂકવવામાં આવી છે. નમો લક્ષ્મી સ્કોલરશીપ યોજનાના અમલથી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની તેમજ આર્થિક રીતે જરૂરિયાતમંદ દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળ્યું છે. આ યોજનાના કારણે અનેક દીકરીઓ શાળામાં નિયમિત રીતે ભણવા જોડાઈ છે અને તેમના શૈક્ષણિક વિકાસમાં સકારાત્મક વધારો નોંધાયો છે. સરકારની આ પહેલ દીકરીઓના શિક્ષણને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈરહી છે.

તેમણે ઉમેર્યું કે, આ સ્કોલરશીપના લીધે અમરેલી શહેરની જ ટી.પી.એમ.ટી ગર્લ્સ સ્કૂલની બે દીકરીઓ નબળી આર્થિક પરિસ્થિતિના કારણે આગળ અભ્યાસ કરવાની ન હતી પરંતુ નમો લક્ષ્મી સ્કોલરશીપ યોજનાનો લાભ મળતા આ બંને દીકરીઓ પોતાનું ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ હવે પૂર્ણ કરશે.

આ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની ૬૭ શાળાઓની ૩,૫૯૯, બાબરા તાલુકાની ૨૪ શાળાઓની ૧૫૩૫, લાઠી તાલુકાની ૦૯ શાળાની ૧,૬૬૯, લીલીયા તાલુકાની ૩૨ શાળાની ૬૪૯, કુંકાવાવ તાલુકાની ૨૪ શાળાની ૮30, બગસરા તાલુકાની ૧૬ શાળાની ૧૧૧૭, ધારી તાલુકાની ૨૧ શાળાની ૧,૩૯૦, ખાંભા તાલુકાની ૧૮ શાળાની ૧,૧૧૩, રાજુલા તાલુકાની ૩૯ શાળાની ૨,૮૪૧, જાફરાબાદ તાલુકાની ૨૧ શાળાની ૧,૮૬૨, સાવરકુંડલા તાલુકાની ૪૫ શાળાની ૨,૯૧૫ વિદ્યાર્થિનીઓ મળી જિલ્લાની ૩૧૬ શાળાઓની ધો. ૯-૧૨ની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ દ્વારા પોતાના શિક્ષણમાં પૂરક સહાયતા મળી છે. આ યોજનાના લીધે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ સુધી ભણાવવાની માનસિકતા મજબૂત બની છે.





**અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ધો.૯-૧૨ની ૩૧૬ શાળાની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને રૂ. ૧૨.૨૮ કરોડ રૂપિયાની સ્કોલરશીપ મળી**



"નમો લક્ષ્મી યોજના" અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ની વિદ્યાર્થિનીઓને માસિક આધાર પર સહાય આપવામાં આવે છે, જ્યારે ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને વધુ પ્રોત્સાહક દરે સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અભ્યાસ પૂર્ણ કરવા પ્રોત્સાહનરૂપે નિર્ધારિત ધોરણ પાસ કર્યા બાદ વધારાની સહાય પણ આપવામાં આવે છે. સમગ્ર સહાય રકમ ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર (DBT) મારફતે સીધી વિદ્યાર્થિનીના બેંક ખાતામાં જમા થતી હોવાથી પારદર્શિતા અને સમયબદ્ધ ચુકવણી સુનિશ્ચિત થાય છે.

આ યોજના અંતર્ગત અમરેલી ધો. ૯-૧૨ની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ દ્વારા પોતાના શિક્ષણમાં પૂરક સહાયતા મળી છે. આ યોજનાના લીધે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ સુધી ભણાવવાની માનસિકતા મજબૂત બની છે."નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજના માત્ર નાણાકીય સહાય પૂરતી સીમિત નથી, પરંતુ તે દીકરીઓના આત્મવિશ્વાસ, શૈક્ષણિક સ્થિરતા અને સામાજિક સશક્તિકરણ તરફનો એક મહત્વપૂર્ણ પગથિયો છે. અમરેલી જિલ્લાની ઉપલબ્ધિ એ દર્શાવે છે કે સરકારની યોગ્ય નીતિ, સમયસર અમલ અને વહીવટી સમન્વય દ્વારા શિક્ષણ ક્ષેત્રે દીર્ઘકાલીન સકારાત્મક બદલાવ શક્ય બની રહ્યો છે.

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે 130મી મનોરોગી મહિલા સાજી થઈ પરિવારને મળી


■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**



સાવરકુંડલા ના હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગી આશ્રમ આવેલો છે જ્યાં છેલ્લા 13 વર્ષથી ભક્તિ બાપુ વિનામૂલ્યે દવા દુઆ ને હવાના માધ્યમથી મનોરોગી બહેનોને પુન જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે માનવ મંદિર આશ્રમે 130મી મનોરોગી બહેન સાજી થઈ જતા તેમના પરિવારને જાણકારી મોકલતા તેમના પિતાશ્રી આજે માનવ મંદિરે આવી તેમની દીકરીને તેડી ગયા. તારીખ 26 12 2023 ના રોજ રાજકોટના માધાપર ગામની ઈલાબેન ગગજીભાઈ ડોડીયા નામની મનોરોગી મહિલા ને માનવ મંદિરે પ્રવીણભાઈ ગગજીભાઈ ડોડીયા તેમજ અશ્વિનભાઈ ડોડીયા મૂકી ગયા હતા.

આજે આ ઈલાબેન નામની મહિલા તેમના પિતાજી રાજકોટના માધાપર ગામે રહેતા હોય તેમને જાણ કરવામાં આવતા તેઓ આજે માનવ મંદિરે આવી અને પોતાની દીકરી ઈલાબેન ને તેડી ગયા. માનવ મંદિર આશ્રમ એ છેલ્લા 13 વર્ષથી અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોક્ટર વિવેક જોશી ની દવા માનવ મંદિર આશ્રમનું વાતાવરણ અને ભક્તિ બાપુની ભગવાન રામચંદ્રજી ઉપરની અદભુત શ્રદ્ધા ના કારણે અહીંયા આજ સુધીમાં 130 બહેનો સાજી થઈ ગઈ છે હાલમાં 58 જેટલી મનોરોગી બહેનો આશ્રમમાં છે.

આપનાં સપનાને સોનેરી પાંખો આપો
સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવને સંગ
સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ
Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%
www.headway.guru
9081241916
કુપન ખરીદવા માટે છેલ્લા ૧૬ દિવસ
તો રાહ કોની જુઓ છે આજે જ પધારો શ્રી ગોકુલ જવેલર્સમાં...




અમારા માટે વેપાર કરતા વિશ્વાસ વધુ મહત્વનો છે. હજારો ગ્રાહકોની લાગણીઓથી બનેલી આ બ્રાન્ડ તમારા આખા પરિવારનું સૌભાગ્ય ચમકાવે છે.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર.*
૯૯૯૯થી વધુ કરોડોના ઈનામો જીતવાની સોનેરી તક ફરી એક વાર
આજે જ ઘરેણાંની ખરીદી કરો અને ચમકાવો નસીબ
*શરતો લાગુ
શ્રી ગોકુલ જવેલર્સ
એક બંધન વિશ્વાસનું
હવેલી શેરી, સાવરકુંડલા.
ફોન : 222195
મો. 95373 12695

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ
## IT ક્ષેત્ર માટે 'કાળ' કે 'કાયાકલ્પ'?



આજકાલ ચારેબાજુ એક જ ચર્ચા છે - "શું AI આપણી નોકરીઓ છીનવી લેશે?" ખાસ કરીને જ્યારે 'એન્થ્રોપિક' જેવી કંપનીઓ એવા AI એજન્ટ્સ રજૂ કરે જે વકીલ જેવું કામ કરી શકે કે કોડિંગ કરી શકે, ત્યારે IT ક્ષેત્રમાં ફફડાટ ફેલાવો સ્વાભાવિક છે. પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે દરેક નવી ટેકનોલોજી ડર લઈને આવે છે અને તકો આપીને જાય છે.

જૂની વાર્તા, નવો વળાંક યાદ કરો જ્યારે કમ્પ્યુટર આવ્યા હતા, ત્યારે કહેવાતું હતું કે હવે માણસોની જરૂર નહીં પડે. પછી ઇન્ટરનેટ આવ્યું, ક્લાઉડ આવ્યું અને હવે AI આવ્યું છે. દર વખતે ભારતીય ટેકનોલોજી ક્ષેત્રે સાબિત કર્યું છે કે આપણે માત્ર મજૂરી નથી કરતા, પણ ટેકનોલોજીને 'મેનેજ' કરીએ છીએ.

AI એક સાથી છે, શત્રુ નહીં વિચારો કે એક રસોઈયો છે જેને હવે શાક સુધારવા માટે મશીન મળી ગયું છે. શું તે રસોઈયાની નોકરી જતી રહેશે? ના, ઉલટાનું તે હવે વધુ સ્વાદિષ્ટ અને ઝડપી રસોઈ બનાવી શકશે. AI પણ એવું જ એક મશીન છે. તે કંટાળાજનક અને પુનરાવર્તિત કામો કરી આપશે, જેથી આપણા એન્જિનિયરો વધુ ક્રિએટિવ અને જટિલ સમસ્યાઓ ઉકેલવા પર ધ્યાન આપી શકશે.

સિક્કાની બીજી બાજુ AI ગમે તેટલું સ્માર્ટ હોય, પણ તે 'ભૂલ' કરી શકે છે. તે ભાવનાઓ સમજી શકતું નથી કે તે નૈતિક નિર્ણયો લઈ શકતું નથી. કોઈ મોટી બેંક કે હોસ્પિટલની સિસ્ટમ જ્યારે ખોરવાય, ત્યારે તેને ઠીક કરવા માટે લોહી-માંસનો બનેલો માણસ જ જોઈશે, કોઈ રોબોટ નહીં.

આપણે AI થી ડરવાની જરૂર નથી, પણ તેની સાથે દોસ્તી કરવાની જરૂર છે. જે લોકો પોતાની જાતને AI સાથે અપડેટ કરશે, તેમનો સૂરજ ક્યારેય આથમશે નહીં.



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગડા

એઆઈએ અત્યારે હાઉ ઉભો કર્યો છે કે તે સુપર હ્યુમન છે, આગામી સમયમાં તે લાખોની સંખ્યામાં લોકોની નોકરીઓ ખાઈ જશે અને દૂનિયામાં એઆઈના કારણે ભયાનક મંદિ આવશે. કેટલાકના મતે આવુ બની પણ શકે પરંતુ અંતે એઆઈ એ મશિન છે અને મશિન ક્યારેય માણસને હંફાવી કે હરાવી શકે નહી.

પરંતુ નવી પેઢી સાથે જો તાલમેલ બનાવી ચાલવુ હશે, જો નવી પેઢી સાથે તમારે તમારી જાતને જોડવી હશે અથવા તો નવી પેઢીથી છેતરાવુ નહી હોય તો તમામ લોકોએ એઆઈનો સામાન્ય પરિચય તો કેળવવો જ પડશે.

નોંધ-લેખકપ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવીમાં આવાતા પ્રસિધ્ધ શો ભાઈ-ભાઈ, બોલ બચ્ચન અને હાલમાં ગુજરાતીની લોકપ્રિય ચેનલ ટીવી 13ના ગજબ હો શોના એન્કર છે....પ્રતિભાવ માટે વોટ્સ એપ નંબર-9909941536

# વૈદિક રંગસૂત્રો






શાસ્ત્રી શ્રી
ઘનશ્યામભાઈ ત્રિવેદી
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.


આપણું સાયન્સ મનુષ્ય જન્મ ના નિર્માણ માટે પુરુષ અને સ્ત્રી ના રંગસૂત્રો (જીન્સ) ની વાત સ્વીકારે છે.પુરુષ અને સ્ત્રી ના ત્રેવીસ ત્રેવીસ રંગસૂત્રો ના આધારે બાળક જન્મ પામી પૃથ્વી ઉપર અવતરણ પામે છે. વિજ્ઞાન ની આ સિધ્ધિ અદ્ભુત છે.પુરુષ ના Y અને સ્ત્રી ના X રંગસૂત્ર થી મેઈલ ચાઈલ્ડ નો જન્મ થાય છે.તો પુરુષ ના X અને સ્ત્રી ના X રંગસૂત્ર થી ફિમેઈલ ચાઈલ્ડ નો બર્થ થાય છે.

આપણે સહુ જાણીએ છીએ કે આપણો દેહ-શરીર પાંચ તત્વો નો બનેલો છે. જેમાં (૧) આકાશ,(૨) વાયુ,(૩) તેજ,(૪) જળ અને (૫) પૃથ્વી તત્વ મુખ્ય ભાગ જોવા મળે છે.આ પાંચેય તત્વો અને તેની તન્માત્રા નો ઉલ્લેખ શ્રી મદ ભાગવત માં તૃતીય સ્કંધ માં વેદ વ્યાસજી એ સુંદર ઉલ્લેખ કરેલ છે.જેમ કે આકાશ ની તન્માત્રા શબ્દ,(આકાશ તત્વ છે તો આપણે શબ્દ સાંભળી શકીએ છીએ.)વાયુ તત્વ ની તન્માત્રા સ્પર્શ,(વાયુ તત્વ છે તો સ્પર્શ ના અનુભવ કરી શકીએ છીએ).તેવી જ રીતે તેજ તત્વ ની તન્માત્રા રૂપ,(તેજ તત્વ છે તો રૂપ નો અનુભવ કરી શકીએ છીએ).જળ તત્વ ની તન્માત્રા રસ(જળ તત્વ સર્વત્ર રસ ના સ્વરૂપ માં જોવા મળે છે) અને પૃથ્વી તત્વ ની તન્માત્રા ગંધ( પૃથ્વી ઉપર પડતો પ્રથમ વરસાદ અને તેમાંથી પ્રાપ્ત થતી આહલાદક ગંધ) માનવા માં આવે છે.આ તમામ તન્માત્રા ઓ આપણી જ્ઞાનેન્દ્રિયો સાથે જોડાયેલ છે. જેમ કે આકાશ તત્વ ની તન્માત્રા શબ્દ તો તેની જ્ઞાનેન્દ્રિય કાન છે તે જ રીતે વાયુ પંચમહાભૂત ની તન્માત્રા સ્પર્શ છે તો તેની જ્ઞાનેન્દ્રિય ત્વચા છે પંચમહાભૂત નું તેજ તત્વ જેની તન્માત્રા રૂપ છે તેની જ્ઞાનેન્દ્રિય આંખ છે આંખથી જ રૂપનો અનુભવ કરી શકીએ છીએ જ્યારે પંચમહાભૂત નો જળ તત્વ તેની તન્માત્રા રસ છે.જેનો સંબંધ જીભ સાથે છે.આપણી જીભ સત્તત ભીની જ રહે છે.તો પંચ મહાભૂત માં પૃથ્વી તત્વ ની તન્માત્રા ગંધ ની જ્ઞાનેન્દ્રિયો નાક છે.

આ તમામ જ્ઞાનીન્દ્રિયોના દેવતાઓ પણ શ્રીમદ ભાગવતે નક્કી દર્શાવેલા છે જેમ કે કાનના દેવ દિશા, ત્વચાના દેવ વાયુ, આંખના દેવ સૂર્ય, જીભના દેવ વરૂણ અને નાકના દેવ અશ્વિનીકુમાર જણાવે છે.

આમ આ પાંચ મહાભૂત,પાંચ તેની તન્માત્રાઓ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ આ જ્ઞાનેન્દ્રિયોના દેવતાઓ મળી કુલ 20 તત્વ શાસ્ત્રમાં જણાવ્યા છે.

આ વીશ તત્વમાં મન કે જેના દેવતા ચંદ્રમાં છે. બુદ્ધિ કે જેના દેવતા બ્રહ્મા છે અને અહંકાર તેના દેવતા શિવજી છે. આ 23 તત્વો માં જ્યારે આત્મ તત્વનું અવતરણ થાય છે ત્યારે આપણો દેહ નિર્માણ પામે છે આ રહસ્ય યુગો યુગો પહેલા શ્રીમદ ભાગવતના તૃતીય સ્કંદમાં સાંખ્ય શાસ્ત્ર અન્વયે ભગવાન કપિલ મુનિએ આપણને આપેલું છે આ 23 તત્વો દ્વારા મનુષ્યની ઉત્પત્તિ નિશ્ચિત કરેલી છે. આપણું શાસ્ત્ર અને આપણું વિજ્ઞાન બંને એકસાથે ચાલે છે આપણા ઋષિમુનિઓ ખૂબ મોટા સાયન્ટિસ્ટ હતા તેઓએ સાયન્સને શાસ્ત્ર સાથે જોડીને લોક ભોગ્ય બનાવ્યું હતું. આ શાસ્ત્રોના અને સાયન્સના સથવારે સથવારે આપણે ખૂબ પ્રગતિ કરીએ તેવી શુભકામનાઓ. શુભમ ભવતુ

# જુના મકાન કે દુકાન ખરીદતી વખતે એક ડોક્યુમેન્ટ તમને દસ્તાવેજ ફી માં અપાવી શકે છે લાભ



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

દસ્તાવેજ કરતી વખતે મકાનનું *ઘસારા પત્રક (Depreciation Certificate) રજૂ કરવાથી સીધો આર્થિક ફાયદો સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી માં થાય છે.

સામાન્ય રીતે જ્યારે તમે કોઈ જૂનું મકાન કે બાંધકામવાળી મિલકત ખરીદો છો, ત્યારે તેની કિંમત જંત્રીના ભાવે નક્કી થાય છે. પરંતુ, ઘસારા પત્રક નીચે મુજબ મદદરૂપ થાય છે:

૧. સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો જ્યારે મકાન જૂનું હોય, ત્યારે તેની કિંમત નવા બાંધકામ જેટલી રહેતી નથી. *નિયમ: સરકાર દર વર્ષે બાંધકામની કિંમતમાં અમુક ટકા ઘસારો (Depreciation) ગણે છે.

* ફાયદો: જો તમે સિવિલ એન્જિનિયર અથવા ગવર્મેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર પાસે ઘસારા પત્રક બનાવડાવો, તો તે મકાનની વર્તમાન કિંમત ઓછી આંકી આપે છે. દસ્તાવેજમાં મિલકતનું મૂલ્ય (Market Value) ઘટવાથી તેના પર ભરવાની થતી

* સ્ટેમ્પ ડ્યુટીની રકમ ઘટી જાય છે.

૨. જંત્રીના દરોમાં રાહત સરકારની જંત્રીમાં બાંધકામ ના વર્ષ મુજબ ઘસારાના સ્લેબ હોય છે.

* દા.ત. જો મકાન ૨૦-૨૫ વર્ષ જૂનું હોય, તો તેના બાંધકામની કિંમત પર *૪૦% થી ૬૦% સુધીનો ઘસારો* મળી શકે છે. * આનાથી જંત્રીની ગણતરીમાં મકાનનું મૂલ્ય ઓછું આવે છે, જે લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી બચાવી શકે છે.

૩. રજીસ્ટ્રેશન ફીમાં બચત રજીસ્ટ્રેશન ફી મિલકતની કુલ કિંમતના ટકાવારી (સામાન્ય રીતે ૧%) મુજબ લેવામાં આવે છે. જો ઘસારા પત્રકને કારણે મિલકતની કિંમત ઓછી આંકવામાં આવે, તો તે મુજબ રજીસ્ટ્રેશન ફીમાં પણ ઘટાડો થાય છે.

ઘસારા પત્રકનો લાભ લેવા માટે શું કરવું?

1. પ્રમાણિત વેલ્યુઅર: તમારે સરકારી માન્ય વેલ્યુઅર (Approved Valuer) પાસે જઈને મકાનનું 'વેલ્યુએશન રિપોર્ટ' અને 'ડેપ્રિશિયેશન ટેબલ' તૈયાર કરાવવું જોઈએ.

2. બાંધકામનું વર્ષ: મકાન કયા વર્ષમાં બંધાયું હતું તેના પુરાવા (જેમ કે જૂનો દસ્તાવેજ, મ્યુનિસિપલ ટેક્સની રસીદ કે બી.પી. પ્લાન) રજૂ કરવા પડે છે.

3.ઓનલાઇન એન્ટ્રી: દસ્તાવેજની ડેટા એન્ટ્રી (gARVI પોર્ટલ પર) કરતી વખતે 'Depreciation' નો વિકલ્પ પસંદ કરી બાંધકામનું વર્ષ નાખવું પડે છે.

મહત્વની નોંધ

જમીન પર ઘસારો લાગતો નથી: યાદ રાખજો કે ઘસારો માત્ર *બાંધકામ (Construction) પર લાગે છે, જમીન (Land) ની કિંમત પર નહીં. જંત્રી મુજબ જમીનનો ભાવ તો જે-તે વિસ્તારનો પૂરો જ ગણાય છે.

*મરામત: જો મકાન ખૂબ જ જર્જરિત હાલતમાં હોય, તો વેલ્યુઅર તે મુજબ વધુ ઘસારો ગણી શકે છે, જે સ્ટેમ્પ ડ્યુટીમાં વધુ રાહત અપાવે છે.



# સાવરકુંડલામાં સેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ ૫૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

## જય અલખધણી અને ગોપી મહિલા મંડળના આયોજનમાં રક્તદાન કેમ્પ અને સેવાકાર્યનો અનોખો સમન્વય

## મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય નિશ્રામાં ૨૦ હજાર લોકોએ લીધો મહાપ્રસાદ દીકરીઓને અપાયો ભવ્ય કરિયાવર

સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં માનવતા અને સેવાની સુવાસ પ્રસરાવતો એક અનોખો પ્રસંગ યોજાઈ ગયો. 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' દ્વારા આયોજિત અને નાના ઝીંઝુડાના મોમાઈ મંદિર ના મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ ૫૧ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ધામધૂમ પૂર્વક સંપન્ન થયો હતો.

આ પ્રસંગે આર્થિક રીતે નબળા પરિવારોના ૫૧ નવયુગલોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિથી જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી.

શ્રી મસાપીર બાપુના આશીર્વાદથી દરેક દીકરીને નવો સંસાર વસાવવા માટે જરૂરી એવી તમામ નાની-મોટી ચીજવસ્તુઓ (કરિયાવર) આપવામાં આવ્યો હતો આ ઉમદા પહેલથી ગરીબ પરિવારોની દીકરીઓને આર્થિક ટેકો સાંપડ્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે ૨૦ હજારથી વધુ મહેમાનો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ ભોજન સમારંભના મુખ્ય દાતા મહંત શ્રી મસાપીર બાપુ (મોમાઈ માતાજી મંદિર, નાના ઝીંઝુડા) રહ્યા હતા.

આ કાર્યક્રમમાં એક અલગ સેવાના આ યજ્ઞમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી. આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક સ્થાનોના સંતો-મહંતો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીઓને અક્ષતથી વધાવી સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્ન સંપન્ન થયા બાદ બપોરે દીકરીઓની વિદાય વેળાએ વાતાવરણ ભાવુક બની ગયું હતું. "સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન પ્રસંગે સહભાગી થવું એ જ સાચી ઈશ્વર સેવા છે." - આયોજક સમિતિ

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે 'જય અલખધણી તેમજ ગોપી મહિલા મંડળ' અને સમૂહ લગ્ન સમિતિના સ્વયંસેવકોએ રાત-દિવસ જહેમત ઉઠાવી હતી. સુવ્યવસ્થિત આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ભક્તિમય માહોલને કારણે સમગ્ર સાવરકુંડલા પંથકમાં આ આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

# સાવરકુંડલા તાલુકાના વીજપડી ખાતે આહિર સમાજ સંગઠન દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના વીજપડી ખાતે આહિર સમાજ સંગઠન દ્વારા આયોજિત ૨૫ મા રજત જયંતિ નિમિત્તે સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો અને આહીર સમાજના વડીલો આગેવાનો યુવાનો માતાઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને નવયુગલોને સુખી, સમૃદ્ધ અને ઉજ્જવળ દાંપત્ય જીવન માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી ખાતે GETCOના અધિકારીઓ સાથે વીજ પુરવઠા વ્યવસ્થાની સમીક્ષા બેઠક યોજતા: રાજ્ય કક્ષાના મંત્રીશ્રી વેકરીયા



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી ખાતે GETCOના અધિકારીઓ સાથે વીજ પુરવઠા વ્યવસ્થાની સમીક્ષા બેઠક રાજ્ય કક્ષાના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા એ યોજી હતી. આ બેઠકમાં હાલની વીજ વિતરણ વ્યવસ્થા, લાઇન મેન્ટેનન્સ, ટ્રાન્સફોર્મર ક્ષમતા અને ભવિષ્યના વિકાસકાર્યો અંગે વિગતવાર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ગ્રાહકોને ગુણવત્તાસભર અને સતત વીજ પુરવઠો મળી રહે તે માટે કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવાના નિર્દેશ આપ્યા હતા.

# શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો...

વ્યક્તિત્વ વિકાસ અને જીવનમાં સફળતા મેળવવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન અપાયું.શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સમારંભ ખૂબ જ ઉત્સાહભર્યા અને ભાવુક વાતાવરણમાં યોજાઈ ગયો. શાળાના આંગણેથી બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવા માટે આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શૈક્ષણિક પરંપરા મુજબ 'દીપ પ્રાગટ્ય' અને સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી હતી. ત્રિવેદી વેદાંતે મધુર ભજન ગાયું હતું. કાળીયાણી દયા, નારીગરા ગ્રેન્સી, મકવાણા સિયા, અને રાઠોડ હેમાંગીએ સંસ્કૃતના શ્લોકોનું આકર્ષક ગાન કર્યું. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તેમજ સંચાલક મંડળના મે.ટ્રસ્ટી શ્રી મનજીબાપા તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ચૌહાણ મીત,મકવાણા સિયા,રાઠોડ હેમાંગી, સોલંકી ખુશી, બાવળિયા અસ્મા,ખસિયા જેનીલ,ખસિયા તમન્નાએ શાળામાં વિતાવેલા વર્ષોના સંસ્મરણો વાગોળ્યા હતા. આ વિદ્યાર્થીઓએ તેમના અનુભવો વહેંચતા કહ્યું કે, "શાળાના આ વર્ષોમાં અમે માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં, પરંતુ મિત્રતા, અનુશાસન અને સ્વપ્નો જોવાની કળા પણ શીખ્યા છીએ." વિદ્યાર્થીની મકવાણા સિયાએ તમામ શિક્ષકોને આભાર માનતા કહ્યું, "આપના માર્ગદર્શન વિના અમારું આજનું સ્થાન અશક્ય હોત." પોતાના પ્રિય શિક્ષકો અને શાળા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા અનેક વિદ્યાર્થીઓ ભાવુક બન્યા હતા. જેમાં તેમના શાળા જીવનની અમીટ યાદો, ભાવનાત્મક વાર્તાઓ અને ભવિષ્યની આશાઓને વહેંચવામાં આવી હતી. વિદાય ભેટમાં ધોરણ ૧૦ના વિધાર્થી ભાઇ બહેનોએ શાળાને ૧૦ દિવાલ ઘડીયાળ તેમજ એક સીલીંગફેન તથા ધોરણ ૧૨ ના વિધાર્થી ભાઇ બહેનોએ શાળાને મા સરસ્વતીની મુર્તિ અર્પણ કરી હતી.મે.ટ્રસ્ટી શ્રી મનજીબાપા તળાવિયાએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપતા જણાવ્યું કે બાળકોએ શાળાનું ગૌરવ છે. તેઓએ શાળામાંથી મેળવેલા જ્ઞાન અને મૂલ્યોના આધારે ભવિષ્યમાં દેશ અને સમાજની સેવા કરીને નવી ઊંચાઈઓ હાંસલ કરવાની છે તેમણે જણાવ્યું કે સફળતા માત્ર પરીક્ષાઓમાં જ નહીં, પરંતુ જીવનના પડકારોમાં પણ મળે છે.

“શાળાના ભૂતપુર્વ વિધાર્થીઓનું સંગઠન શ્રી કર્મયોગ ગ્રુપ દ્વારા આદર્શ વિદ્યાર્થીઓને વિશેષ પુરસ્કાર એવોર્ડ ,શ્રેષ્ઠ ખેલાડી પુરસ્કાર તેમજ વિદ્યાર્થીને પરીક્ષા માટે ઉપયોગી કીટ અને સ્મૃતિ ચિહ્ન, સન્માનપત્રો વિગેરે રૂ.૧૨૦૦૦ ની રકમના ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી સંજયભાઇ વિસાણી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં મંડળના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઇ તળાવિયા તથા સંજયભાઇ ચૌહાણે સહુને અલ્પાહાર કરવ્યો હતો.બાદ વિદ્યાર્થીઓએ ભારે હૈયે પણ આત્મવિશ્વાસ સાથે શાળામાંથી વિદાય લીધી હતી.

# જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## વાહનચાલકોની સલામતી માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને નિયમિત રીતે કરવા કલેક્ટરશ્રીની સૂચના

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ (શનિવાર) -

અમરેલી જિલ્લા કલેકટરશ્રી, વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગ ને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વાહન ચાલકોની સલામતી જળવાય અને ટ્રાફિકને લગતા નિયમોનું પાલન થાય તે માટે હેલમેટ, સીટબેલ્ટ, ઓવર સ્પીડીંગ સહિતના કાયદાઓનું વાહચાલકો અસરકારક પાલન કરે તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ જરૂરી સૂચના આપી હતી. વાહનચાલકો ની સલામતી સુનિશ્ચિત થાય તે માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને નિયમિત રીતે કરવા માટે કલેક્ટરશ્રીએ સૂચનાઓ આપી હતી. જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત અમરેલી એ.આર.ટી.ઓ અમરેલી અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ, સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાયા હતા.

ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે આરોગ્ય વિભાગની મદદથી મેડિકલ કેમ્પ યોજાયો હતો. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહીં વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે. માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં એ.એસ.પી.શ્રી જયવીર ગઢવી, સંબંધિત વિવિધ કચેરી ના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ગાંધી મેળાનું આયોજન થયું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

કુંડલા ગ્રામ સેવા મંડળ દ્વારા સાવરકુંડલામાં ગાંધી મેળાનું આયોજન થયું હતું. જેમાં આત્મનિર્ભર ભારત ની ઝલક પ્રદર્શિત કરવાનો મુખ્ય હેતુ હતો. જેમાં વિવિધ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા હતા. આ મેળામાં મહિલા સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદનો માં હસ્તકલા, ખાદી ઉત્પાદનો ના સ્ટોલ હતા. આયોજન મહાત્મા ગાંધીજીના સ્વદેશી અને સ્વાવલંબનના સિદ્ધાંતોને અનુરૂપ હતું. આ ગાંધી મેળાનું આયોજન બે દિવસ સુધી કરવામાં આવ્યું છે ત્યારે પ્રથમ દિવસે માનવ મંદિરના ભક્તિ રામ બાપુ, સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, દીપકભાઈ માલાણી,શહેર ભાજપ પ્રમુખ, પૂર્વ પ્રમુખ, મંડળ પ્રમુખો સહિત રાજકીય સામાજિક આગેવાનો, કોલેજના વિદ્યાર્થી ભાઈઓ, બહેનો, સ્કૂલના વિદ્યાર્થીઓ ,વિદ્યાર્થીનીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વદેશી વસ્તુઓ નિહાળી હતી અને ખરીદી પણ કરવામાં આવી હતી. આતકે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીના સ્વદેશી અને સ્વાવલંબનના સિદ્ધાંતોને આત્મસાત કરીને ગ્રામ્ય વિકાસને ગતિ આપતું આ આયોજન સમાજમાં નવી પ્રેરણા અને સકારાત્મક ઉર્જા ફેલાવનારું છે.







# સાવરકુંડલામાં જય ગોપાલ યુવા ગ્રુપ દ્વારા સાતમો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો...











■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી ગોપાલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સાવરકુંડલા સંચાલિત જય ગોપાલ યુવા ગ્રુપ (ભરવાડ સમાજ) દ્વારા આયોજિત ૭મા સમૂહ લગ્ન મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુતામાં પગલાં પાડતા ૨૭ નવદંપતીઓને સુખી તથા સમૃદ્ધ લગ્ન જીવનના આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ તકે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક આગેવાનો અને ધાર્મિક આગેવાનો,સંતો મહંતો અને ભરવાડ સમાજના વડીલો યુવાનો માતાઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડાયાબિટીસ, (Diabetes) સમસ્યાઓ અને તમે...




ભારતમાં ઘણા અગ્રણી રોગો છે જેમાં કેન્સર, ડાયાબિટીસ અને હૃદય રોગ જેવી ગંભીર બિમારીઓ સમાવેશ થાય છે. ભારતને ઘણીવાર 'વિશ્વની ડાયાબિટીસ કેપિટલ' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તે વિશ્વમાં ડાયાબિટીસના દર્દીઓની કુલ સંખ્યાના 17% ટકા હિસ્સો ધરાવે છે. ડાયાબિટીસ એ અંગ્રેજી શબ્દ છે જેનો અર્થ થાય છે વધુ શર્કરા (મધુપ્રમેહ-Excess of Sugar in Urine)તમે કદાચ તમારા ડૉક્ટરને ડાયાબિટીસની બે પ્રકારની કોમ્પ્લીકેશન વિશે વાત કરતા સાંભળ્યા હશે: ગંભીર કોમ્પ્લીકેશન જે સમય જતાં સર્જાય છે જેને ક્રોનિક કોમ્પ્લીકેશન કહેવાય છે; અને જે કોઈપણ સમયે- થઈ શકે છે અને જેને તીવ્ર-તાજેતરમાં (Acute) વિકસિત કોમ્પલીકેશન કહેવાય છે. ડાયાબિટીક કીટોએસિડોસિસ (DKA) અને હાઈપરગ્લાયકેમિક હાઈપરસ્મોલર સ્ટેટ (DHS) એ ડાયાબિટીસ પ્રકાર-2 ની બે સૌથી સામાન્ય જીવલેણ તીવ્ર મેટાબોલિક કોમ્પ્લીકેશન છે. કેટલાક ડાયાબિટીસના દર્દીઓમાં, એવું જોવામાં આવ્યું હતું કે જ્યારે તેઓ ડાયાબિટીસ માટે 1લી વખત હોસ્પિટલની મુલાકાત લે છે, ત્યારે તેઓ કદાચ પહેલાથી જ ડાયાબિટીસ-સંબંધિત કોમ્પ્લીકેશન વિકસાવી ચૂક્યા હશે.

ડાયાબિટીસની લાંબા ગાળાની હાનિકારક અસરોમાં મોટી અને નાની રુધિરવાહિનીઓને નુકસાન થાય છે, જે હાર્ટ એટેક, સ્ટ્રોક અને કિડની, આંખો, પગ અને ચેતા સાથે સમસ્યાઓ તરફ દોરી શકે છે.ડાયાબિટીસ સાથે સંકળાયેલ સમસ્યાઓનું કારણ શું છે? લોહીમાં સુગરના સ્તરમાં ખૂબ વધારો થવાથી તમારું લોહી જાડું થઈ શકે છે અને લાંબા સમય સુધી તમારા લોહીમાં ગંઠાઈ જવાથી તમારી રક્તવાહિનીઓને ગંભીર રીતે નુકસાન થઈ શકે છે. જો તમારી રક્તવાહિનીઓ યોગ્ય રીતે કામ કરતી નથી, તો લોહી તમારા શરીરના જરૂરી ભાગોમાં જઈ શકતું નથી. આનો અર્થ એ છે કે તમારી ચેતા પણ યોગ્ય રીતે કામ કરશે નહીં અને તેનો અર્થ એ છે કે તમે તમારા શરીરના ભાગોમાં સંવેદના ગુમાવો છો. આવા ગંઠાયેલું જાડું લોહી તમારા શરીરના એક ભાગમાં રક્તવાહિનીઓ અને ચેતાને નુકસાન પહોંચાડે છે, તો તમારા શરીરના અન્ય અવયવોમાં સમાન સ્થિતિ વિકસાવવાની શક્યતા વધારે છે. તેથી જો તમારા પગને નુકસાન થાય છે, તો હૃદયની ગંભીર સમસ્યાઓ વધુ સંભાવનાઓ સાથે અનુસરી શકે છે. જ્યારે લોહીમાં શુગરનું સ્તર ખૂબ વધારે હોય છે ત્યારે લોહીની જાડાઈને કારણે થોડા સમય પછી કિન્ડીઝ તેને ફિલ્ટર કરી શકતી નથી અને ફિલ્ટર કરવાનું બંધ કરે છે તેથી લોહીમા અને પેશાબમાં જાય છે. તેથી સામાન્ય રીતે લોહી અને પેશાબના પરીક્ષણના નમૂનાઓમાં ખૂબ જ શર્કરા જોવા મળે છે. ડાયાબિટીસ વિશે જાણીતી હકીકત એ છે કે તમારું HbA1c સ્તર જેટલું ઊંચું હશે, તેટલું તમને ડાયાબિટીસ સંબંધિત સમસ્યાઓ થવાનું જોખમ રહે છે. HbA1c એ ગ્લાયકેટેડ હિમોગ્લોબિન છે જે ત્યારે બને છે જ્યારે ગ્લુકોઝ, જેને આપણે સુગર કહીએ છીએ તે તમારા લાલ રક્તકણોને વળગી રહે છે અને તમારા લોહીમાં જમા થાય છે. HbA1c એ રક્ત પરીક્ષણ (Blood Test) દ્વારા માપવામાં આવે છે, જે છેલ્લા ત્રણ મહિનામાં તમારા આખા લોહીમાં તમારા લોહીમાં શર્કરાનું સરેરાશ સ્તર દર્શાવે છે. ઉચ્ચ HbA1c (>10) નો અર્થ છે કે તમારા લોહીમાં ખૂબ જ શર્કરા છે. થોડું વધારે HbA1c (>7.5) પણ તમારું જોખમ વધારે છે. પરંતુ તે માત્ર રક્ત શર્કરા વિશે નથી. હાઈ બ્લડ પ્રેશર, ધૂમ્રપાન અને તમારા લોહીમાં ઘણી બધી ચરબી (કોલેસ્ટ્રોલ) તમારી રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડી શકે છે અને તમને વધુ જોખમમાં મૂકી શકે છે. દીર્ઘકાલીન સમસ્યાઓ: આ લાંબા ગાળાની સમસ્યાઓ છે જે ધીમે ધીમે વિકસી શકે છે, અને જો તેઓ તપાસ્યા વિના અને સારવાર ન કરવામાં આવે તો ગંભીર નુકસાન તરફ દોરી શકે છે. કાર્ડિયાક અને મગજની સમસ્યાઓ: હાર્ટ-એટેક અને સ્ટ્રોક: જ્યારે તમને ડાયાબિટીસ હોય, ત્યારે અમુક સમય માટે હાઈ બ્લડ શુગર તમારી રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડી શકે છે. આનાથી ક્યારેક હાર્ટ એટેક અને સ્ટ્રોક આવી શકે છે (જાડા લોહીને કારણે, હૃદયને શરીરના પ્રણાલીગત પરિભ્રમણમાં લોહીને બહાર કાઢવા માટે વધુ પમ્પ કરવું પડે છે અને દબાણ કરવું પડે છે; જેના કારણે આખરે હૃદય થાકી જાય છે, ધીમું થઈ જાય છે અને ક્યારેક પંપ કરવાનું બંધ કરે છે અને તે-હાર્ટ એટેક અને સ્ટ્રોક નું કારણ બને છે). ચેતા-નુકસાન (ન્યુરોપથી): ઘણી વ્યક્તિઓમાં ડાયાબિટીસ દરમિયાન શુગરનુ પ્રમાણ વધી જાય છે જે ચેતાને નુકસાન પહોંચાડી શકે છે. ચેતામાં આ નુકસાન ચેતાઓ માટે મગજ અને શરીરના દરેક ભાગ વચ્ચે સંદેશાઓનું વહન કરવાનું મુશ્કેલ બનાવી શકે છે જેથી તે આપણી તમામ સંવેદનાઓને અસર કરી શકે છે.

અચાનક સંલગ્ન સમસ્યાઓ: આ કોઈપણ સમયે થઈ શકે છે અને ક્રોનિક, અથવા લાંબા ગાળાની, કોમ્પ્લીકેશન તરફ દોરી શકે છે. હાઈપો (Hypos) - જ્યારે બ્લડ સુગરનું સ્તર ખૂબ ઓછું હોય છે. હાઈપર - જ્યારે તમારી બ્લડ સુગર ખૂબ વધારે હોય. Hyperosmolar Hyperglycaemic State (HHS) - એક જીવલેણ કટોકટી કે જે માત્ર હાઈ બ્લડ સુગર લેવલ ધરાવતા લોકોમાં જ થાય છે. તે ગંભીર ડિહાઈડ્રેશન અને ખૂબ ઊંચી રક્ત સુગર દ્વારા લાવવામાં આવે છે. ડાયાબિટીક કીટોએસિડોસિસ (ડીકેએ) - એક જીવલેણ કટોકટી જ્યાં ઈન્સ્યુલિન અને હાઈ બ્લડ શર્કરાનો અભાવ કેટોન્સના નિર્માણ તરફ દોરી જાય છે.

ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે શું આપણે દવાઓ વિના આટલી હાઈ બ્લડ સુગરને નિયંત્રિત કરી શકીએ? હા, તંદુરસ્ત આહાર અને જીવનશૈલી લોકોને આવા પ્રકારના ડાયાબિટીસ અને તેમના સ્વાસ્થ્યના અન્ય પાસાઓને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

ડાયાબિટીસવાળા વ્યક્તિએ તેમની જીવનશૈલીમાં આનું પાલન કરવું જોઈએ: હેલ્ધી ડાયટ ખાઈને શરીરનું વજનનું મૅનેજમેન્ટ કરવું જોઈએ, થોડીક નિયમિત કસરત કરવી જોઈએ અને દારૂ પીવાની ટેવ અને ધૂમ્રપાનની ટેવ તેને છોડવી જોઈએ. જો શક્ય હોય તો મેડિટેશન અને યોગ કરવાથી સ્ટ્રેસનું સંચાલન કરીને બ્લડ સુગરને ખરેખર નિયંત્રિત કરી શકાય છે (હાઈ બ્લડ સુગર મેનેજમેન્ટમાં કયો આહાર ખોરાક લેવો જોઈએ, જીવનશૈલીમાં કયા ફેરફાર કરવા જોઈએ વિશેની માહિતી વિશે ચર્ચા આગામી લેખમાં કરીશું)

ડો. વિશાલ ચાવડા - એમએસ,
પીએચ.ડી, એફઆઈસીએન (સ્ટેનફોર્ડ યુનિવર્સિટી)



# ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીનું સરાહનીય કાર્ય



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ માનવતાનું શ્રેષ્ઠ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજકોટ નજીક એક શ્વાન કરડેલા પરપ્રાંતીય બાળક અને તેના પરિવારજનોને રસ્તા પર લાચાર સ્થિતિમાં જોઈને તેમણે પોતાનો કાફલો રોક્યો હતો. બાળકને સારવારના પૈસા ન હોવાથી મુશ્કેલી પડી રહી હતી. ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ તાત્કાલિક બાળકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા કરી અને તેની સારવારનો સંપૂર્ણ ખર્ચ પોતે ઉઠાવવાની ખાતરી આપી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં હીરાભાઈ સોલંકીના આ સેવાભાવી કાર્યની સરાહના થઈ રહી છે.મળતી વિગતો અનુસાર, હીરાભાઈ સોલંકી રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે લોકોનું ટોળું અને એક પરપ્રાંતિય શ્રમિક પરિવારને રડતો જોયો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે આ મજૂર પરિવારના બાળકને શ્વાન કરયું હતું.

બાળકની હાલત ગંભીર હતી, પરંતુ પરિવાર પાસે સારવાર કરાવવા માટે પૂરતા પૈસા નહોતા અને તેઓ નિરાશ થઈને રસ્તા પર બેઠા હતા.પરિવારની વેદના જોઈને હીરા સોલંકીએ તાત્કાલિક નિર્ણય લીધો અને બાળકને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ મોકલવાની વ્યવસ્થા કરી આપી. તેમણે ત્યાંથી પસાર થતી એસ.ટી. બસને રોકાવી અને કંડક્ટરને બંનેની ટિકિટના પૈસા ચૂકવ્યા હતા. એટલું જ નહીં, તેમણે બાળક અને તેના પરિવારને ખાતરી આપી હતી કે રાજકોટમાં સારવારનો જે પણ ખર્ચ થશે તે પોતે ભોગવશે.

# સાવરકુંડલા તાલુકામાં જળસંચયને નવી ગતિ

# ૨.૮૧ કરોડના ચેકડેમ અને નદી ઊંડી ઉતારવાના કામોને ધારાસભ્યશ્રી કસવાલા સાહેબના પ્રયત્નોથી મંજુરી મળી



**સાવરકુંડલા તાલુકાની જીવનદોરી સમાન ડેમોથી વધશે પાણી સંગ્રહ ક્ષમતા ખેડૂતોને લાંબા ગાળે મળશે ફાયદો- કસવાલા**

**ધોબા,વીજપડી ની જામવાળી તેમજ કડવાળી નદી,નાળ,વણોટ ગામે ઘાણો નદી, ગામોની નદીપર ચેકડેમ,ઉડી ઉતારવાનું કામ કરી પુનર્જીવન સાથે સાવરકુંડલા તાલુકા વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા**

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના જળસંચય ના મહત્વપૂર્ણ વિકાસકાર્યો માટે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નો પરિણામે કુલ ૨.૮૧ કરોડના કામોને મંજુરી મળેલ છે. આ વિકાસકાર્યો થકી તાલુકાની જીવનદોરી સમાન ડેમો, નદીઓ અને નાળાઓની પાણી સંગ્રહ ક્ષમતા વધશે તેમજ ખેડૂતોને લાંબા ગાળે સીધો લાભ મળશે.

આ મંજુર થયેલ યોજનાઓ અંતર્ગત, ઘોબા ગામે નદી ઊંડી ઉતારવા નું અકામ ૫૬.૦૦ લાખ, વીજપડી ગામોની જામવાળી નદીમાં ચેકડેમનું કામ ૫૯.૦૦ લાખ,તથા કડવાળી નદી ઉપર ચેકડેમનું કામ ૫૮.૦૦ લાખ,નાળ ગામે ચેકડેમ નંબર ૧ નું કામ ૧૮.૬૦ લાખનું કામ ,ચેકડેમ નંબર ૨ નું કામ ૧૪.૮૨ લાખ, તેમજ વણોટ ગામે ઘાણો નદી ઉપર ચેકડેમ નંબર ૧ ૩૯.૩૭ લાખનું કામ તેમજ ચેકડેમ નંબર ૨ નું ૩૫.૫૧ લાખનું કામ કુલ ૨.૮૧ કરોડના કામો હાથ ધરવામાં આવશે. આ કામોથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને ખેતી માટે સ્થિર પાણી ઉપલબ્ધ બનશે. ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, "સાવરકુંડલા તાલુકાની આ નદીઓ અને ડેમો વિસ્તારની જીવનદોરી છે. આ વિકાસકાર્યો થકી માત્ર પાણી સંગ્રહ જ નહીં પરંતુ પુરથી થતા નુકસાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

પરિણામે ખેતી, પશુપાલન અને ગ્રામ્ય જીવનને નવી શકિત મળશે."આ તમામ યોજનાઓ સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસને નવી દિશા આપનાર સાબિત થશે તથા પર્યાવરણીય સંતુલન સાથે આર્થિક વિકાસને પણ વેગ મળશે.

આ મહત્વપૂર્ણ વિકાસકાર્યોને મંજુરી આપવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા માનનીય જળસિંચન મંત્રીશ્રી ઈશ્વરસિહજી પટેલ સાહેબનો તાલુકાની જનતા તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

**સાવરકુંડલા તાલુકાના કામો મંજુર કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસિંચનમંત્રીશ્રી ઈશ્વરસિંહજી પટેલ સાહેબનો ખૂબ ખુબ આભાર :શ્રી કસવાલા**



## સોમનાથ મંદિરની ધ્વજારોહણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા અમરેલીના આગેવાનો...

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરની ધ્વજારોહણ કાર્યક્રમમા સોમનાથ દાદાના દર્શન સાથે આશિર્વાદ મેળવવામાં આવ્યા હતાં, જેમાં ચિતલના શ્રી હિરેનભાઈ ચાવડા પરિવારના ધ્વજારોહણ કાર્યક્રમમા ઉપસ્થિત અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઇ કાનાણી,અમરેલી જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ શ્રી રાજુભાઈ ભુતૈયા, અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઈ સાવલીયા સહીત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને સમગ્ર વાતાવરણ શિવમય થયું હતું.

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલીના નેજા હેઠળ દડવા રાંદલ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમશાળા યોજાઈ

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી તા. ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ (શુક્રવાર) - ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલીના નેજા હેઠળ દડવા રાંદલ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમશાળાનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. તાલીમ શાળામાં પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવ્યુંહતું.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમશાળાનો લાભ મેળવ્યો હતો. તાલીમશાળા દ્વારા ખેડૂતોને પર્યાવરણમિત્ર અને ખર્ચ બચતવાળી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

દડવા રાંદલ ગામના ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં બીજ સંરક્ષણ અને સ્વદેશી બીજનો ઉપયોગ, જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીન પોષણ, આચ્છાદન (મલ્ચિંગ), જીવાત અને રોગ નિયંત્રણના કુદરતી ઉપાયો, વૈવિધ્યસભર ખેતી અને પ્રાકૃતિક સંતુલન ઉપરાંત રાસાયણિક ખેતી થકી માનવ આરોગ્ય પર ખતરો અને જમીનની ઘટતી જતી ગુણવત્તા સંદર્ભે માહિતી પ્રાપ્ત કરી હતી. એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ શ્રી જનકભાઈ ચાવડા દ્વારા ભવિષ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ અને ખેડૂત



સમૃદ્ધિ સહિતની બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત અને નિરંતર વધી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં પણ અનેક ખેડૂતોએ પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવી છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અન્વયે ધાન્ય પાકો, બાગાયતી પાક, કઠોળ સહિત વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ શાળાઓ થકી ખેડૂતોમાં સ્વસ્થ જમીન, ગુણવત્તાસભર પાક ઉત્પાદન અને સ્થિર કૃષિ વ્યવસ્થા અંગે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે.

પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક માહિતી માર્ગદર્શન પ્રાપ્ત કરતા ખેડૂતો


બહોળી સંખ્યામાં મહિલા ખેડૂતોએ પણ ભાગીદારી નોંધાવી તાલીમશાળાનો લાભ લીધો

# ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે ગિરનારની તળેટીમાં ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો તા. ૧૧ ફેબ્રુઆરીથી વિધિવત પ્રારંભ

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પવિત્ર સાધુ સંતોનો ભવ્ય નગર પ્રવેશ કરાશે..





## શ્રદ્ધાળુઓને તમામ સુવિધા આપવા રાજ્ય સરકાર સજ્જ

### સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજન

### સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે

### ૨૫ સ્થળોએ વાહનો માટે સુરક્ષિત પાર્કિંગની વ્યવસ્થા

### ૮૦૦થી વધુ ભાવિકો માટે રહેવાની આરામદાયક સુવિધા

**પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે જૂનાગઢના પવિત્ર ભવનાથ ગિરનારની તળેટીમાં પરંપરાગત રીતે વિશ્વ પ્રસિદ્ધ 'મહાશિવરાત્રી મેળો' યોજાશે. આ વર્ષે ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો આવતીકાલ તા. ૧૧ ફેબ્રુઆરીથી વિધિવત પ્રારંભ થશે. પાંચ દિવસ યોજાતા આ અલૌકિક મેળામાં આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ અગવડ ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિવિધ સુવિધાઓ સાથે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# સાવરકુંડલા મુકામે સ્વામી શ્રી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં મહાશિવરાત્રિ મહોત્સવ, રક્તદાન મહાશિબિર, પુસ્તક વિમોચન તથા પાર્થિવ શિવલિંગ મહાપૂજાનું "અદ્વિતીય ભવ્ય આયોજન"

**■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**



ભારતવર્ષની આ ધર્મધરા ઉપર ઉજવાતા આધ્યાત્મિક પર્વોમાં મહાશિવરાત્રિ પર્વ પોતાનું એક આગવું મહત્વ ધરાવે છે. સનાતન ધર્મની સંન્યાસ પરંપરાની શ્રુંખલામાં એક અદ્વિતીય કડી સમાન વિરલ શિવયોગી સંતવર્ય પૂજ્યપાદ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજે પોતાના જીવનકાળમાં સૌરાષ્ટ્રપ્રાંતમાં શિવ ઉપાસનાની અનેરી જ્યોત જગાવી હતી. પૂજ્યશ્રીની પરંપરામાં ઉજવાતા દરેક પર્વોમાં આ મહાશિવરાત્રિ પર્વે હજારોની સંખ્યામાં ભાવિક શિવભક્તો શિવપૂજા, સત્સંગ, વ્રત, ઉપવાસ વગેરે દ્વારા પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરતા આવ્યા છે. પૂજ્યશ્રીની સંન્યાસ પરંપરાનાં સુવાહક કૃપાપાત્ર સદ્‌શિષ્ય પૂજ્યપાદ સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની પાવન નિશ્રામાં સાવરકુંડલા મુકામે આગામી તા.૧૫-૦૨-૨૦૨૬ ને રવિવાર ના રોજ આ મહાશિવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવનાં અનુસંધાને પૂજ્યપાદ સ્વામીજી દ્વારા દર્દીનારાયણની તદ્દન નિ:શુલ્ક આરોગ્યસેવા કરવા માટે ભાવનગર જિલ્લાના ટીંબી મુકામે પ્રસ્થાપિત સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા નાં હોસ્પિટલ'ના દર્દીઓનાં લાભાર્થે રક્તદાન મહાશિબિરનું પણ આયોજન કરવામાં આવેલ છે. સાથોસાથ આ પ્રસંગે પૂ. સ્વામી શ્રી ભોલાનંદજીનાં વરદહસ્તે લિખિત સદવિચારોની સુગંધથી ભરેલ નૂતન પુસ્તક સદવિચાર દિવાકર તથા પૂ. ગુરુદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદજીનાં વરદહસ્તે લખાયેલ અને ઘણાં બધા વર્ષોથી અપ્રાપ્ય હતો એવો પૂજનીય દાદા ગુરુદેવ સ્વામી શ્રી જગદીશ્વરાનંદજીનાં સંપૂર્ણ જીવન ચરિત્રનો દુર્લભ ગ્રંથ જીવન સુધા ની સંશોધિત-સચિત્ર આવૃત્તિનું ભવ્ય વિમોચન પણ કરવામાં આવશે. રાત્રિ દરમિયાન ચાર પ્રહરનાં સામૂહિક પાર્થિવ શિવલિંગ મહાપૂજનનું ભવ્ય-દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.

તા. ૧૫-૨-૨૦૨૬ ને રવિવારનાં રોજ આ પર્વની પાવન પ્રભાતમાં ૮:૦૦ કલાકે શિવસ્તોત્રપાઠથી ધર્મસભાનો તથા દીપ-પ્રાગટ્યથી રક્તદાન મહાશિબિરનો શુભારંભ થશે. ૯:૦૦ કલાકે પૂજ્ય સ્વામીજી અને મહાનુભાવો દ્વારા શિવલિંગ તથા પ્રતિમાની ષોડશોપચાર પૂજાવિધિ અને મહાઆરતી બાદ પૂજ્યપાદ સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ શિવભક્તિ-જ્ઞાન-વૈરાગ્યમય અમૃતવાણીથી ઉપસ્થિત શ્રોતાજનોને લાભાન્વિત કરશે. ૧૧:૩૦ કલાકે ગ્રંથોનાં વિમોચન થયા બાદ મહાનુભાવોનાં સન્માન અને પ્રાસંગિક વક્તવ્યો થશે. બપોરે ૧૨:૩૦ કલાકે ઉપસ્થિત તમામ ધર્મપ્રેમી જનતાને મહાશિવરાત્રિનો સમૂહ ફળાહાર-મહાપ્રસાદ કરાવવામાં આવશે. સાંજે ૫:૦૦ કલાકે સ્વામીજી શિવમાનસપૂજા અને શિવરાત્રિવ્રતનાં મહિમા વિશે પ્રવચન આપશે. ત્યારબાદ રાત્રિના ૮:૦૦ કલાકે આ પર્વની સર્વશ્રેષ્ઠ શિવ-આરાધના એવી ચાર પ્રહરની સામૂહિક પાર્થિવ શિવલિંગ મહાપૂજા શરૂ થશે, જેમાં પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ શિવભક્તિભાવમાં ઓતપ્રોત થઈને ઉપસ્થિત સર્વે શિવભક્તોને પૂર્ણ તન્મયતા સાથે વેદોક્તવિધિથી સંપૂર્ણ મહાપૂજા કરાવશે, જે સોમવારે સવારે ૬:૦૦ કલાકે પૂર્ણ થશે. પૂજા પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ શિવભક્તોને વ્રતનાં પારણારૂપે ભોજન-પ્રસાદ કરાવવામાં આવશે. તમામ પ્રકારનો પૂજાપો પણ આશ્રમમાંથી આપવામાં આવશે. શક્ય એટલા બિલ્વપત્રો પોતાની સાથે લાવવાનાં રહેશે.

આ પ્રસંગે થતા લાઈવ-પ્રસારણનાં માધ્યમથી બહેનો-દીકરીઓ-માતાઓ માટે અલગથી ચાર પ્રહરનાં સામૂહિક પાર્થિવ શિવલિંગ મહાપૂજનનું ખૂબ જ સુંદર આયોજન સાવરકુંડલામાં પટેલ વાડી, શિવાજી નગર ખાતે કરવામાં આવેલ છે, જેમાં કોઈ પણ ભેદભાવ વગર દરેક જ્ઞાતિ-જાતિનાં ફક્ત બહેનો-માતાઓ જ પધારીને આ તદ્દન નિશુલ્ક મહાપૂજાનો લાભ લઈ શકે છે. પૂજનનો પૂજાપો પણ અહીંથી આપવામાં આવશે.

સમગ્ર મહોત્સવનું તથા રાત્રિની ચાર પ્રહરની મહાપૂજાનું જીવંત પ્રસારણ આશ્રમની યુ-ટ્યુબ ચેનલ ગુરુ સાન્નિધ્ય (Guru Sannidhya) પર પ્રસારિત કરવામાં આવશે. આ સમગ્ર મહોત્સવની ધર્મસભાનો, ભોજન-પ્રસાદનો તથા રાત્રિની પાર્થિવલિંગપૂજાનો લાભ લેવા માટે પધારવા તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવે છે અને રક્તદાન કેમ્પમાં યુવા-સશક્ત ભાઈઓ-બહેનોને રક્તદાન કરવા માટે પધારવા સહૃદય આહવાન કરવામાં આવે છે. રક્તદાતાઓને આકર્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

મહોત્સવનું શુભ સ્થળ:સ્વામી શ્રી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ પ્રાગજીભાઈ કથિરિયાની વાડીમાં,કલ્યાણ સોસાયટી પાછળ, નવા બસ સ્ટેન્ડ પાછળ,મુ. સાવરકુંડલા, જિ. અમરેલી.

વધુ માહિતી માટે સંપર્ક કરો: ૯૯૦૯૨ ૪૧૨૪૨ - ૯૪૨૮૩ ૪૦૦૯૬ - ૯૪૨૭૪ ૧૨૭૪૮ આયોજક: સ્વામી શ્રી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ સાવરકુંડલા ગામ સમસ્ત.ૐ નમો નારાયણાય.